# ‘લાઇવ સર્જરી’થી ગુજરાતને વૈશ્વિક બહુમાન અપાવતા ડો. તેજસ પટેલ

■ **સંજય ઘમંડે**

વિશ્વભરમાં પથરાયેલા ગુજરાતીઓ સહિત હૃદયરોગના ક્ષેત્રે અમદાવાદના ડો. તેજસ પટેલનું નામ અજાણ્યું નથી. પોતાની ખાસ વિકસાવેલી હૃદયરોગની સારવાર માટેની અનોખી ટ્રાન્સરેડિયલ પદ્ધતિને કારણે અને તેની સફળતાના દરને કારણે તેઓ હંમેશાં ચર્ચામાં રહ્યા છે. તાજેતરમાં તેમણે ગુજરાતને વધુ એક વૈશ્વિક બહુમાન અપાવ્યું. ૩૧મી જાન્યુઆરી, ગુરુવારે તેમણે અમદાવાદમાં કરેલાં બે ઓપરેશનનું સેટેલાઇટની મદદથી જાપાનમાં લાઇવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું, જેને જાપાનમાં એકઠા થયેલા સમગ્ર વિશ્વના કાર્ડિયોલોજિસ્ટોએ નિહાળ્યું હતું. આ લાઇવ ઓપરેશન દરમિયાન ડો. તેજસ પટેલે જાપાનના કોબે-ઓસાકા શહેરમાં વિશાળ સ્ક્રીન પર આ ઓપરેશન નિહાળી રહેલા અમેરિકા, કેનેડા, જાપાન સહિતના કાર્ડિયોલોજિસ્ટોને ‘લાઇવ કોમેન્ટરી’ પણ આપી હતી.

અમદાવાદ શહેરના બોપલ-ઘુમા વિસ્તારમાં આવેલી આંતરરાષ્ટ્રીય સ્તરની ક્રિષ્ણા હાર્ટ એન્ડ સુપર-સ્પેશિયાલિટી ઇન્સ્ટિટ્યૂટમાંના અદ્યતન સુવિધા ધરાવતા ઓપરેશન થિયેટરમાંથી આ ઓપરેશનનું લાઇવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું. ‘સીસીટી-૨૦૦૮’માં ભારતને આ બહુમાન અપાવનાર અમદાવાદના અગ્રગણ્ય કાર્ડિયોલોજિસ્ટ ડો. તેજસ પટેલ ‘ટોટલ કાર્ડિયોવસ્ક્યુલર સોલ્યુશન્સ (ટીસીવીએસ)ના ડિરેક્ટર પણ છે.

જાપાનના કોબે શહેરમાં ‘કોમ્પ્લેક્સ કાર્ડિયોવાસ્ક્યુલર થેરાપ્યોટિક્સ (સીસીટી) ૨૦૦૮’ નામની પરિષદમાં પાંચ હજાર જેટલા સમગ્ર વિશ્વના કાર્ડિયોલોજિસ્ટોએ અમદાવાદમાં બે પુરુષ દર્દી પર થયેલી આ સર્જરી નિહાળી હતી. ભારત અને ખાસ કરીને અમદાવાદ માટે આ ગૌરવનો પ્રસંગ હતો, કારણ કે છેલ્લાં દસ વર્ષથી યોજાતી આ પરિષદમાં સૌપ્રથમ વખત ભારતમાંથી અમદાવાદમાં થઈ રહેલા ઓપરેશનનું લાઇવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું.

ઓપરેશન પછી હળવાશની પળોમાં થયેલી મુલાકાત દરમિયાન ડો. તેજસ પટેલે જણાવ્યું હતું કે, આ બે ઓપરેશન દરમિયાન ૭૪ વર્ષના એક દર્દીની હૃદયને લોહીનો પુરવઠો પહોંચાડતી નળી એકસો ટકા અને બીજી નળી ૯૦ ટકા બંધ હતી. હૃદયરોગના દર્દીની સારવાર દરમિયાન ઓપરેશન વખતે દર્દીના કાંડાની નસમાંથી વાયર નાખીને આ નળીઓ ખોલવાની જટિલ કામગીરી દર્શાવવામાં આવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, પરંપરાગત પદ્ધતિમાં જાંઘની નળીમાંથી વાયર પસાર કરીને હૃદયના લોહીના પુરવઠાને અવરોધતા ધમનીમાં જામેલા ‘બ્લોક’ને દૂર કરવામાં આવે છે. ટ્રાન્સરેડિયલ પદ્ધતિના ફાયદા જણાવતાં તેજસભાઈ જણાવે છે કે, ટ્રાન્સરેડિયલ પદ્ધતિમાં હૃદયરોગના દર્દીના હાથમાંથી વાયર પસાર કરવામાં આવે છે. સામાન્ય રીતે પરંપરાગત પદ્ધતિમાં દર્દીની જાંઘમાંથી વાયર નાખીને ઓપરેશન કરવામાં આવે ત્યારે પગમાં લોહી જામી જવું, દર્દી હરીફરી ન શકે વગેરે જેવાં કોમ્પ્લિકેશન થઈ શકે તેમ છે, જ્યારે ટ્રાન્સરેડિયલ પદ્ધતિથી કરવામાં આવેલા ઓપરેશન દરમિયાન દર્દીને આવા કોઈ પણ પ્રકારનાં કોમ્પ્લિકેશન્સ થવાની શક્યતા લગભગ શૂન્ય બરાબર છે.







**૩૧મી જાન્યુઆરી, ગુરુવારે અમદાવાદથી જાપાનમાં લાઇવ સર્જરી બતાવતા (જમણે) ડો. તેજસ પટેલ અને તેમના સાથી તબીબો. (ઇનસેટ, જમણેથી) ડો. અતુલ ચોકસી અને ડો. અનિમેષ ચોકસી** *(ફોટોઃ જીટીએનએસ)*

દર્દીને આર્થિક રીતે પણ ફાયદા કરાવી આપતી આ ટ્રાન્સરેડિયલ પદ્ધતિને ભારતમાં લોકપ્રિય બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ડો. તેજસ પટેલે કોમ્પ્લેક્સ કાર્ડિયોવાસ્ક્યુલર થેરાપ્યોટિક્સની અનેક પરિષદમાં ઇન્ટરનેશનલ ગેસ્ટ ફેકલ્ટી તરીકે પણ અવારનવાર ભાગ લીધો છે. જોકે તેમાં તેમણે પહેલી વખત લાઇવ ઓપરેશન કર્યું હતું. ડો. તેજસ પટેલની સાથે ડો. સંજય શાહ, ડો. આલોક રંજન, ડો. હેમંત મલ્હોત્રા સહિતના તબીબો પણ ઓપરેશન દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા.

છેલ્લાં દસ વર્ષથી ‘સીસીટી’નું આયોજન થાય છે, જેમાં મોટા ભાગે અમેરિકા અને યુરોપના દેશોમાં થતાં હૃદયના ઓપરેશનોને વિડિયો કોન્ફરન્સિંગની મદદથી પરિષદના સ્થળે જીવંત દર્શાવવામાં આવે છે. આ પ્રસંગે ઓપરેશન કરનાર તબીબ અને પરિષદના સ્થળે એકઠા થયેલા તબીબો વચ્ચે પ્રશ્નોત્તરી પણ થાય છે. ડો. તેજસ પટેલે પણ આ વખતે જાપાનમાં એકઠા થયેલા તબીબોના પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા.

વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ પ્રમાણે લાઇવ ઓપરેશન કરવાનું બહુમાન અત્યાર સુધી એશિયાના દેશોમાં દક્ષિણ કોરિયા, ચીન, સિંગાપોર અને જાપાનના તબીબોને જ મળ્યું છે.

ભારતને અત્યાર સુધી આ સીસીટી પરિષદમાં લાઇવ ઓપરેશન દર્શાવવાનું બહુમાન કેમ મળ્યું નહિ? એ પ્રશ્નના ઉત્તરમાં ડો. તેજસ પટેલે જણાવ્યું કે, કદાચ અત્યાર સુધી એ લોકોને લાગતું હશે કે ભારત આ પ્રકારના ઓપરેશન માટે તૈયાર નથી. જોકે હવે દરેકે સ્વીકારવું પડશે કે ભારત અને ખાસ કરીને ગુજરાત તબીબી સહિતના દરેક ક્ષેત્રમાં અગ્રેસર છે અને હવે વિશ્વ તેની ઉપેક્ષા કરી શકે તેમ નથી.

### એપ્રિલમાં ડો. તેજસ પટેલ અમેરિકામાં

ડો. તેજસ પટેલ એપ્રિલ મહિનામાં અમેરિકાની મુલાકાતે પણ જઈ રહ્યા છે. આ અંગેની માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, લગભગ એપ્રિલ મહિનાના પ્રારંભે હું અમેરિકા જઈશ. ત્યાં ન્યુ યોર્કમાં યોજાનારી એક તબીબી પરિષદમાં હું ભાગ લેવાનો છું. ડો. તેજસ પટેલ મેનહટન વિસ્તારમાં યોજાનારી આ તબીબી પરિષદમાં અમેરિકાના કાર્ડિયોલોજિસ્ટ સમક્ષ પણ લાઇવ ઓપરેશન કરી તેની સમજણ આપશે અને તેમના પ્રશ્નોના ઉત્તર પણ આપશે.

### ડો. તેજસ પટેલના એનઆરજી પેશન્ટ

સમગ્ર વિશ્વમાં ફરીને ટ્રાન્સરેડિયલ પદ્ધતિ અંગેની સમજ આપનારા ગુજરાતના ડો. તેજસ પટેલ પાસે સારવાર કરાવવા માટે સમગ્ર વિશ્વના હૃદયરોગના દર્દીઓ આતુર હોય તે સ્વાભાવિક છે. અમેરિકા, કેનેડા, લંડન સહિતના દેશોમાં વસનારા અનેક ગુજરાતીઓ પણ તેમની પાસે સારવાર કરાવવાનો આગ્રહ રાખે છે. પોતાના બિનનિવાસી ગુજરાતી (એનઆરજી) પેશન્ટ અંગે જણાવતાં ડો. તેજસ પટેલ જણાવે છે કે, ‘વિદેશમાં વસતા અનેક ગુજરાતીઓ મારી પાસે સારવાર કરાવવા માટે આવે છે.

### હૃદયરોગથી બચવા આટલું કરોઃ ડો. તેજસ પટેલ

‘ગુજરાત ટાઇમ્સ’ની વિનંતીને માન્ય રાખી ડો. તેજસ પટેલે ‘ગુજરાત ટાઇમ્સ’ના વાચકોને સ્વસ્થ રહેવા માટે કેટલીક મહત્ત્વની ટીપ્સ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયે જે પ્રમાણે લોકોની જીવનશૈલી છે તેને કારણે હૃદયરોગ સહિતના રોગ થવાની સંભાવના વધી જાય છે. જો લોકો સ્ટ્રેસ મેનેજમેન્ટ, દરરોજ કસરત અને ખાવામાં ધ્યાન રાખવા સહિતની કાળજી રાખે તો હૃદયરોગથી બચી શકાય તેમ છે.

### ‘ક્રિષ્ણા’ ટેલિમેડિસનમાં આગળ વધશે

ડો. તેજસ પટેલની સાથે અમદાવાદના બોપલ-ઘુમા વિસ્તારમાં આવેલી ક્રિષ્ણા હાર્ટ એન્ડ સુપર સ્પેશિયાલિટી ઇન્સ્ટિટ્યૂટને પણ અભિનંદન આપવાં ઘટે. ડો. તેજસ પટેલ છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સારવાર પૂરી પાડતી ક્રિષ્ણા હોસ્પિટલ સાથે પણ સંકળાયેલા છે. ક્રિષ્ણા હાર્ટ એન્ડ સુપર સ્પેશિયાલિટી ઇન્સ્ટિટ્યૂટના અગ્રણી ડો. અનિમેષ ચોકસીએ જણાવ્યું હતું કે, ગુજરાત ઉપરાંત સમગ્ર ભારત અને વિદેશોમાંથી પણ અનેક દર્દીઓ સારવાર માટે ક્રિષ્ણામાં આવતા હોય છે. વિદેશમાં, ખાસ કરીને દક્ષિણ આફ્રિકામાં મોટી સંખ્યામાં ગુજરાતીઓ વસી રહ્યા છે ત્યારે તેમને પણ અદ્યતન સારવારનો લાભ મળી રહે તે માટે આગામી સમયમાં ત્યાંનાં શહેરોમાં ક્રિષ્ણા હાર્ટ એન્ડ સુપર સ્પેશિયાલિટી ઇન્સ્ટિટ્યૂટ ટેલિમેડિસન જેવી અદ્યતન તબીબી સુવિધા ગોઠવશે.

ક્રિષ્ણા હાર્ટ એન્ડ સુપર સ્પેશિયાલિટી ઇન્સ્ટિટ્યૂટમાં હવે હૃદયરોગ ઉપરાંત ઘૂંટણના સાંધા સહિતની બીજી સારવાર પણ ઉપલબ્ધ છે. આ સારવારનો લાભ લેવા માટે વિદેશથી પણ અનેક દર્દીઓ આવે છે. અત્યારે ક્રિષ્ણા હોસ્પિટલમાં યુગાન્ડાના પ્રેસિડન્ટનાં પત્ની પણ ઘૂંટણના સાંધાની સારવાર લઈ રહ્યાં છે. વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું કે, યુગાન્ડાની હોસ્પિટલોમાં તબીબી સારવાર માટે અદ્યતન સુવિધાનો અભાવ છે. અહી ક્રિષ્ણામાં અમે સારવાર માટે આવ્યા તેને કારણે અમને આર્થિક ફાયદો પણ થયો અને આંતરરાષ્ટ્રીય સ્તરની સારવાર પણ મળી શકી છે.

યુકેથી જોઇન્ટ રિપ્લેસમેન્ટની સારવાર માટે વયોવૃદ્ધ કુમુદબહેન પટેલે પણ ક્રિષ્ણા હોસ્પિટલની પસંદગી કરી છે. તેમની સાથે અમેરિકાથી આવેલાં તેમનાં દીકરી જ્યોતિબહેને જણાવ્યું હતું કે, યુકે સહિતના દેશોમાં સારવાર તો મોંઘી છે જ, પણ તેના માટે પણ તમારે રાહ જોવાની. જ્યારે અહીં ભારત અને ગુજરાતમાં અમે ક્રિષ્ણા હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ જેવી હોસ્પિટલોમાં સારવાર કરાવવા આવીએ ત્યારે ખૂબ ઓછા ખર્ચે અને ઝડપથી સારવાર થાય છે. જોકે ગુજરાત આવવાનો ફાયદો એ ખરો કે મોટા ભાગના સ્વજનો અહીં જ વસતા હોવાથી તેમનો મોરલ સપોર્ટ પણ મળી રહે છે.

અમેરિકાસ્થિત ડો. અતુલભાઈ ચોકસી સહિતના વતનપરસ્ત તબીબોએ સાથે મળીને સ્થાપેલી ક્રિષ્ણા હાર્ટ એન્ડ સુપર સ્પેશિયાલિટી ઇન્સ્ટિટ્યૂટ દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના હૃદયરોગના દર્દીઓને સારવાર મળી રહે તે માટે દિવ્ય જ્યોત ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ પણ તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે. દર વર્ષે અમેરિકા સહિતના વિકસિત દેશોમાંના નિષ્ણાત તબીબો પણ ક્રિષ્ણા હાર્ટ એન્ડ સુપર સ્પેશિયાલિટી ઇન્સ્ટિટ્યૂટમાં પોતાની સેવા આપવા માટે આવે છે. ક્રિષ્ણા હાર્ટ એન્ડ સુપર સ્પેશિયાલિટી ઇન્સ્ટિટ્યૂટ બોપલ ઉપરાંત અમદાવાદ શહેરમાં પરિમલ ગાર્ડન પાસે અને પૂર્વ અમદાવાદના બાપુનગર વિસ્તારમાં પણ સિટી સેન્ટર ધરાવે છે. ■

*લેખક જીટીએનએસના સંવાદદાતા છે.*




**અમદાવાદસ્થિત ક્રિષ્ણા હાર્ટ એન્ડ સુપર સ્પેશિયાલિટી ઇન્સ્ટિટ્યૂટમાં ઘૂંટણના સાંધાની સારવાર લઈ રહેલાં યુકેનાં કુમુદબહેન પટેલ.** *(ફોટોઃ જીટીએનએસ)*